---

**જામનગરના મહેરબાન ત્રીજા એડીશ્નલ સીનયર સીવીલ જજશ્રીની અદાલતમાં.**

---

રે.દરખાસ્ત નં. :- ૯૪/૨૦૨૫

---

- હુકમનામા લેણદાર/અરજદારના વિ.વ.શ્રી.ડી.એન.ભેડા.
- સામાવાળા/હુકમનામા દેણદારના વિ.વ.શ્રી.બી.સી.ચૌટાઇ.

---

**આંક ૨૪ થી રજુ અરજી લગત હુકમ.**

---

**(૧)** હાલની અરજી વંચાણે લીધી. દરખાસ્તદારોએ હાલની દરખાસ્ત રે.દી.મું.નં. ૨૦૦/૨૦૦૫ ના કામના હુકમનામાની અમલવારી માટે દાખલ કરેલ છે.

**(૨)** દરખાસ્તદાર તર્ફે દરખાસ્તદાર નં. ૨ નાઓએ આંક ૨૫ થી સોગંદનામુ રજુ કરી તેઓને સામાવાળા પાસેથી રૂા.૯૬,૫૨૦.૬૭પૈસા લેણા નીકળે છે. આ કામના સામાવાળાએ (મુળ પ્રતિવાદીએ) રૂા.૪૨,૭૮૮/- જમા કરાવેલ છે. જેથી હજુ હિસાબના રૂા.૫૩,૭૩૨.૬૭ પૈસાનો તફાવત રહે છે.

**(3)** સામાવાળા (મુળ પ્રતિવાદી) તર્ફે આંક ૨૧ થી સોગંદનામુ રજુ કરી દરખાસ્તદારોના પિતાજીને રૂા.૪૨૭૮૮/- ચુકવવાના થતા હોવાનુ જાહેર કરવામાં આવેલ છે.

**(૪)** બંને પક્ષકારોની રજુઆતો લક્ષે લીધી. સીવીલ મેન્યુઅલ ૨૯૪ માં નીચે મુજબની પ્રબંધ કરવામાં આવેલ છે.

‘‘બજવણી કાર્યવાહી દરમિયાન તકરાર ઉપસ્થીત થઇ હોય ત્યારે, દાવા

સંબધી જોગવાઇઓ, લાગુ પડતી ન હોય તે સિવાય અનુસરવી. આવા કેસોમાં વિવાદનો મુદો ઘડવો, પુરાવા લેવા અને દાવા અને લાગુ પડતા અનુસાર ફેસલો લખવો.''

દિવાની કાર્યવાહી ધારાની કલમ ૪૭ ની પેટા કલમ (૧) માં નીચે મુજબની જોગવાય કરવામાં આવેલ છે.

(૧) જે દાવામાં હુકમનામુ થયુ હોય તે દાવાના પક્ષકારો વચ્ચે અથવા તેમના પ્રતિનિધીઓ વચ્ચે હુકમનામુ બજાવવા વિશે, અથવા તેમાંથી છુટા થવા વિશે અથવા તેની ભરપાઇ વિશે જે તકરારો ઉપસ્થીત થાય તે તમામનો નિર્ણય હુકમનામુ બજાવનાર ન્યાયાલયે કરવા જોઇશે અને તેમના માટે જુદો દાવો કરી શકાશે નહી.

હાલના તબકકે સામાવાળા (પ્રતિવાદી) સંસ્થામાં દરખાસ્તદારોના પિતાજીની નિભાવવામાં આવેલ સર્વીસ બુકની નકલ રેકોર્ડ પર રજુ કરવાનો આદેશ કરવામાં આવે તો સામાવાળા ધ્વારા આંક ૨૧ થી રજુ કરેલ સોગંદનામામાં જે ગણતરી દર્શાવેલ છે તે ગણતરીનુ મુલ્યાંકન યોગ્ય રીતે થઇ શકે તેમ છે. જેથી સામાવાળા (મુળ પ્રતિવાદી) ને દરખાસ્તદારોના પિતાજી સ્વી. ધીરસિંહ વી. ભાટીયાની સર્વીસબુકની નકલ હાલના કામે રજુ કરવા માટે આદેશ કરવો ન્યાયોચીત જણાય છે.

**(૫)** હાલની દરખાસ્તનો ન્યાયીક નિર્ણય ઝડપથી થઇ શકે તે હેતુથી દરખાતદારે આંક ૨૫ ના સોગંદનામામાં તેઓએ જે રકમ જાહેર કરેલ છે તે રકમ નિર્ધારણ કરવાના સર્મથનમાં જે પુરાવા પર આધાર રાખતા હોય અને જે નિયમો પર આધાર રાખતા હોય તે દિન - ૭ માં અત્રેની કોર્ટમાં રજુ કરવા તથા સામાવાળા તરફથી આંક ૨૧ થી રજુ કરવામાં આવેલ સોગંદનામામાં તેઓએ જે ગણતરી દર્શાવેલ છે તેના સર્મથનમાં જે પુરાવા પર આધાર રાખતા હોય અને જે નિયમો પર આધાર રાખતા હોય તે દિન - ૭ માં અત્રેની કોર્ટમાં રજુ કરવા.

**(૬)** સબબ, હાલની અરજી પરત્વે તથા હાલની દરખાસ્તના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**: : હુકમ : :**

**૧.** સામાવાળા (મુળ પ્રતિવાદી) ને આદેશ કરવામાં આવે છે કે, દરખાસ્તદારોના પિતાજી સ્વી. ધીરસિંહ વી. ભાટીયાની સર્વીસબુકની એક નકલ હાલના કામે આ હુકમ તારીખથી દિન - ૭ માં રજુ કરવી.

**૨.** દરખાસ્તદારોને આદેશ કરવામાં આવે છે કે, દરખાતદારે આંક ૨૫ ના સોગંદનામામાં તેઓએ જે રકમ જાહેર કરેલ છે તે રકમ નિર્ધારણ કરવાના સર્મથનમાં જે પુરાવા પર આધાર રાખતા હોય અને જે નિયમો પર આધાર રાખતા હોય તે દિન - ૭ માં અત્રેની કોર્ટમાં રજુ કરવા.

**3.** સામાવાળા (મુળ પ્રતિવાદી) ને આદેશ કરવામાં આવે છે કે, સામાવાળા તરફથી આંક ૨૧ થી રજુ કરવામાં આવેલ સોગંદનામામાં તેઓએ જે ગણતરી દર્શાવેલ છે તેના સર્મથનમાં જે પુરાવા પર આધાર રાખતા હોય અને જે નિયમો પર આધાર રાખતા હોય તે દિન - ૭માં અત્રેની કોર્ટમાં રજુ કરવા.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૨૩ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

જામનગર

તા.૨૩/૦૪/૨૦૨૬ (ભદ્રેશ હસમુખલાલ ગાંધી)

ત્રીજા એડીશ્નલ સીનયર સીવીલ જજ, જામનગર

જજ કોર્ડ નં. જીજે૦૦૯૫૭